
## વલસાડ જિલ્લા એલસીબીએ મહારાષ્ટ્રની આંતરરાજ્ય ધોત્રે ગેંગના બે ઈસમોને ઝડપી પાડતા 9 ગુના ડિટેક્ટ થયા

# ધોત્રે ગેંગે ઉમરગામમાં 16 બંધ મકાનમાં ધાપ મારી હતી

**પકડાયેલા** રામ ધોત્રેએ અગાઉ મહારાષ્ટ્રના મુંબઈમાં 10 ગુનામાં પકડાયો હતો

**પોલીસે** બંને ઈસમને સાથે રાખી તપાસ કરતા બંધ મકાનમાં ચોરી કરેલી જગ્યાઓ બતાવી, બંને આરોપીઓ બે દિવસના રિમાન્ડ પર





### બંધ મકાનોમાં થયેલી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડની ચોરી

(1) ઉમરગામના મમવાડા, વાવર ફળિયાના અરૂણા દુબળાના ઘરમાંથી રોકડા 9.88 લાખની ચોરી (2) ટીંભીમાં નીતા એસ્ક્લેવ્યુ ફ્લેટમાંથી ટીવી (3) ભાઠી કરમબેલીના બોર ફળિયામાં સંગીતા ધોડીના ઘરમાંથી 1.30 લાખ (4) સોળસુંબાના જાંબુ ફળિયામાં રહેતા નીતા કામળીના ઘરમાંથી ઘરેણા તથા રોકડની ચોરી (5) સોળસંબાના અશોક પટેલના ઘરમાંથી 5 લાખ (6) ઉમરગામના દિવ્યા માહ્યાવંશીના ઘરમાંથી 2.24 લાખ (7) નારગોલના શ્રીકાંત બારીઆના ઘરમાંથી 1.47 લાખ (૭) તડગામના અનિલ હળપતિના ઘરમાંથી ઘરેણા-રોકડ (૭) સંજાણના સુવર્ણા કોલીના ઘરમાંથી ઘરેણા તથા રોકડ (10) સોળસુંબાના પ્રફુલકુમારના ઘરમાંથી લેપટોપ, ફોન, ઘડિયાળ અને રોકડ તથા યુએસ ડોલર (11) સોળસેંબાના સુનિલ તીરોડકરના ઘરમાંથી રોકડા 3,50 લાખ અને ઘરેણા (12) નારગોલમાં ભૌતિક ભંડારીના ઘરમાંથી ઘરેણા અને રોકડ (13) સરીગામના ફ્લેટમાંથી ઘરેણા (14) ભિલાડના કિશોરકુમારના ઘરમાંથી ઘરેણા તથા આર્ટીફિશ્યલ વસ્તુ (15) સોળસુંબાના અતુલ શેવડેના ઘરમાંથી રોકડા અને ઘરેણા (16) ઉમરગામના સુમિત માંગેલાના ઘરમાંથી રોકડા અને ઘરેણા

### ડિટેક્ટ થયેલા ગુના

પકડાયેલા રામ ઉર્ફે બુઢા ઉર્ફે રામ ચિન્નપા ધોત્રે 20 વર્ષથી ઘરફોડ ચોરી કરે છે. ધોત્રે ગેંગમાં તેના સગાભાઈ શિવા ચિન્નપા ધોત્રે, શ્યામ ચિન્નપા ધોત્રે, હનુમંતા ધોત્રે, અપ્પુ ઉર્ફે અજય ધોત્રે, મહેશ ધોત્રે તથા નવી ધોડી, રાહુલ મરાડી, જીતેશ ઉર્ફે જીતુ સાંગે સામેલ છે. વલસાડ જિલ્લા એલસીબીએ 2023 દરમિયાન શિવા ધોત્રે, શ્યામ ધોત્રે, હનુમંતા ધોત્રે, મહેરા ધોત્રે, રાહુલ મરાઠીની ઘરફોડ ચોરીના ગુનામાં ધરપકડ કરી 11 ઘરફોડ ચોરીના ગુના ડિટેક્ટ કર્યા હતાં. પકડાયેલા રામ ધોત્રે અગાઉ મહારાષ્ટ્રના મુંબઈમાં 10 ગુનામાં પકડાયેલો છે.

### રેકી કરી ચોરી કરતા અને મહારાષ્ટ્ર ભાગી જતા

મોપેડ પર બેસી બંધ મકાનની રેકી કરતા અને એકાદ કલાકના સમયગાળામાં ચોરી કરી મહારાષ્ટ્ર ભાગી જતા અને ત્યાં જ્વેલર્સ શોપમાં ચોરીનો મુદ્દામાલ વેચી દેતા હતાં.

વાપી : ઉમરગામ તાલુકામાં 16 બંધ મકાનના તાળા તોડી ચોરી કરનારી ગેંગને વલસાડ જિલ્લા એલસીબીએ પકડી પાડતા 9 ગુના ડિટેક્ટ થયા હતા.

સુરત વિભાગના ઈન્ચાર્જ પોલીસ મહાનિરીક્ષક વાબાંગ જમીર તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરનરાજ વાઘેલાએ મિલકત સંબંધી ગુના અટકાવવા સૂચના આપવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં દિવસ દરમિયાન બંધ મકાનના તાળાં તોડી ઘરફોડ ચોરીના ગુનાઓ બન્યા હતા. આ ચોરીમાં ધોત્રે ગેંગની મોડસ ઓપરેન્ડી જણાઈ આવી હતી. જેથી આ ગેંગના સભ્યોને પકડવા માટે વલસાડ જિલ્લા એલસીબીના પીઆઈ વી.બી. બારડના માર્ગદર્શનમાં પીએસઆઈ કે, એમ. બેરીયા, પી.એસ.આઈ. એચ.એ.સિંધા અને એમ.કે.ભીંગરાડીયાના નેતૃત્વ હેઠળ ટીમો કાર્યરત હતી.

એલસીબીના એએસઆઈ રાકેશભાઈ તથા પો.કો.રાજુભાઈને સંયુકત મળેલી બાતમી આધારે સંજાણ ચાર રસ્તા પાસેથી આંતર રાજ્ય મહારાષ્ટ્રની ધોત્રે ગેંગના સભ્યો રામ ઉર્ફે બુઢા ચિન્નપા ધોત્રે (ઉં.35, ધંધો-મચ્છીનો વેપાર, રહે, બોરીવલી -મુંબઈ, મૂળ કર્ણાટક) અને નવીન રમેશ ધોડી (ઉં.50, રહે. રમેશ ધોડી ચાલ, બોરીવલી, મુબંઈ)ને ઝડપી પાડ્યા હતાં. તેઓ પાસેથી ઉમરગામના મમકવાડા ગામે બચુભાઈ મોહનભાઈ દુબળાના ઘરેથી રોકડા રૂપિયા 9.50 લાખ, સોના-ચાંદીના ઘરેણાં તથા મોપેડ, મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 10.32 લાખનો મુદ્દામાલ તથા ચોરી કરવા માટેના સાધનો કબજે કર્યા હતાં. જ્યારે શ્યામ ઉર્ફે સંચા ચિન્નપા ધોત્ર (રહે. બોરીવલી-મુંબઈ, મૂળ કર્ણાટક) અને જીતેશ ઉર્ફે જીતુ શશી દુસાંગે (રહે.બોરીવલી-મુંબઈ) વોન્ટેડ છે. ઝડપાયેલા બંને ઈસમની પૂછપરછ કરતા તેઓએ છેલ્લા બે વર્ષમાં ઉમરગામ તાલુકાના ગામોમાં બંધ મકાનોમાં ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

જેથી પોલીસે બંનેને સાથે રાખી તપાસ કરતા ઉમરગામ તાલુકામાં 16 સ્થળોએ બંધ મકાનના તાળા તોડી ચોરી કરેલી જગ્યા બતાવી હતી. પકડાયેલા બંનેને કોર્ટમાં રજૂ કરી બે દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સુરત જિલ્લામાં 52 દિવસ ચાલેલી ભારત સંકલ્પ યાત્રા સંપન્ન

# સુરત જિલ્લાના 559 ગામના જમીન રેકર્ડનું 100% ડિજિટલાઇઝેશન પૂર્ણ

**સુરત** જિલ્લાની 566 ગ્રામ પંચાયતમાં 79,303 વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી

**ઓલપાડ** અને કામરેજનાં 10,000 ખેડૂત ખાતેદાર - મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડ ઇસ્યુ કરી દેવાયા

**ગામતળની** મિલકતો અને જમીનોની ડ્રોન ટેક્નોલોજીની મદદથી માપણીની કામગીરી કરવામાં આવી

### ધરતી કરે પુકાર નાટકની પ્રસ્તૃતિ કરવામાં આવી

યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં જિલ્લાના ખેડૂતોને ખેતીમાં ડ્રોન મારફતે દવાનો છંટકાવ કેવી રીતે કરી શકાય તે અંગેનું 566 ગામોમાં ડ્રોન નિદર્શન કરાયું હતું. જિલ્લામાં 521 પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ અન્ય ખેડૂતો સાથે વાર્તાલાપ કરી પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે તમામ ગામોમાં ધરતી કરે પુકાર નાટકની પ્રસ્તૃતિ કરવામાં આવી હતી.

સુરત : સુરત જિલ્લામાં 52 દિવસ ચાલેલી ભારત સંકલ્પ યાત્રા સંપન્ન થઈ છે. એ અંતર્ગત સુરત જિલ્લાના 559 ગામોના જમીન રેકર્ડનું 100% ડિઝીટલાઇઝેશન પૂર્ણ થયું છે. સુરત જિલ્લાની 566 ગ્રામ પંચાયતોમાં 79,303 વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. આ ઉપરાંત, 53 ગામોને સ્વચ્છતા બદલ અભિનંદનપત્રો પાઠવ્યા હતા. જ્યારે પી.એમ. ઉજ્જવલા યોજના હેઠળ 4047 નાગરિકોએ ગેસ કનેક્શન મેળવવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. સુરક્ષા વિમા યોજનાનો 6650 ખેડૂતો તથા 3595 જેટલા ગ્રામજનોએ જીવન જ્યોત વીમા યોજનાનો લાભ મેળવ્યો હતો. સર્વે ઓફ વિલેજિસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રુવાઈઝડ ટેક્નોલોજી ઈલ વિલેજ એરિયાઝ (SVAMITVA)ની કેન્દ્ર સરકારની સ્વામીત્વ યોજના હેઠળ સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષથી ડ્રોન મારફતે 653 જેટલા ગામોમાં સર્વેની કામગીરી ચાલી રહી છે. તે પૈકી 559 ગામોમાં સર્વેની કામગીરી પૂર્ણ થઈ છે. ડોક્યુમેન્ટ ડિજિટલાઇઝ કરવામાં આવ્યા છે. જિલ્લાના ઓલપાડ અને કામરેજ તાલુકાનાં 10,000 ખેડૂત ખાતેદાર - મિલ્કતધારકોને પ્રોપર્ટી કાર્ડ ઇસ્યુ કરી દેવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત એક વર્ષ પહેલા ગામતળની મિલ્કતો-જમીનનો ડ્રોન ટેક્નોલોજીની મદદથી માપણીની કામગીરી કરવામાં આવી હતી. કામરેજ તાલુકાથી માપણી શરૂ કરાઇ હતી, અને ત્યારબાદ સુરત જિલ્લાનાં તમામ તાલુકાનાં કુલ 653 ગામોને જમીન અને મિલકતની માપણીમાં સાંકળી લેવામાં આવ્યા છે. એમાંથી જિલ્લાના 559 ગામોના જમીન રેકર્ડનું 100 ટકા ડિઝીટલાઇઝેશન કરાયું છે.

સમગ્ર સુરત જિલ્લામાં તા.15મી નવેમ્બર-2023 થી આરંભાયેલી યાત્રાનું તા. ૫મી જાન્યુઆરીના રોજ ભવ્ય સમાપન થયું હતું. સતત 52 દિવસ સુધી જિલ્લાની 9 તાલુકાઓની 566 ગ્રામ પંચાયતોમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી-માર્ગદર્શનની સાથે સંબંધિત યોજનાના સાચા લાભાર્થીઓને શોધીને તેને સરકારની યોજનાના લાભો સ્થળ ઉપર જ અપાયા હતા.

જિલ્લા કલેક્ટર આયુષ ઓક અને જિલ્લા વિકાસ અધિકારી બી.કે.વસાવાના માર્ગદર્શન ચાલેલી વિકાસ યાત્રામાં કેન્દ્રીય મંત્રી, રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો, ગ્રામ પંચાયતના સરપંચો, સદસ્યો તથા વિવિધ વિભાગોના અધિકારી-કર્મચારીઓએ સફળ બનાવી હતી. આ યાત્રા દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા 79,303 વ્યક્તિઓના આરોગ્યની તપાસણી કરવામાં આવી છે, તેની સાથે જ 58,865 ટી.બી. રોગ તથા 23,648 સિકલસેલ એનિમીયા રોગની તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા આ સમય દરમિયાન ગામે ગામ લાભાર્થીઓના નવા આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા છે.

## દેવું કરીને ઘી પીવાના તાયફા સામે રોષ

# કિરીટ ગંગારામ પટેલનો અસનાડ કોટનમાં પણ વિરોધ, રાજીનામાની માંગ ઉઠી

**કાંઠા** સુગરને 90 કરોડના દેવામાં ઉતારનાર અસનાડ કોટનની શતાબ્દી વર્ષની ઉજવણી સામે ભારે નારાજગી

**કાર્યક્રમ** પાછળનો ખોટો ખર્ચ બંધ નહીં થાય તો ખેડૂતો વિરોધ નોંધાવશે




### કાંઠા સુગરના અસરગ્રસ્ત ખેડૂતો સીઆર. પાટીલને રજૂઆત કરશે

કાંઠા સુગરના ત્રણ ડિરેક્ટરો અને ખેડૂત આગેવાનો હજારો ખેડૂત સભાસદોની ફસાયેલી મૂડી પરત અપાવવા પ્રદેશ ભાજપ પ્રમુખ અને સાંસદ સીઆર. પાટીલને દરમિયાનગિરી કરવા રજૂઆત કરશે. આ આગેવાનોએ રજૂઆત માટે સીઆર. પાટીલનો સમય માંગ્યો છે. ખેડૂતોએ ભરેલી 62,000 મેટ્રિક ટન શેરડીનું પેમેન્ટ ખેડૂતોને ચૂકવવા મંડળી પાસે રૂપિયા બચ્યા નથી.

સુરતઃ કાંઠા વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી-ઓલપાડ સુગરના ત્રણ ડિરેક્ટરોએ સુગરના વર્તમાન પ્રમુખ કિરીટ ગંગારામ પટેલ, ઉપપ્રમુખ બાલુભાઈ પટેલ અને એમડી. સામે બળવો પોકારી જિલ્લા રજીસ્ટ્રાર સુરત અને ખાંડ નિયામક ગાંધીનગરને ત્રણ ડિરેક્ટરોની લેખિત ફરિયાદ પછી NCDCએ પોતાની બચેલી મૂડી કવર કરવા સુરત ડિસ્ટ્રીક્ટ બેંકને ખાતું ફ્રીઝ કરવાનો આદેશ આપ્યો હતો.

દેવું કરીને ઘી પીવાના તાયફા કરવાના અરમાનો રાખનાર કાંઠા સુગરનાં પ્રમુખ કિરીટ પટેલનાં નેતૃત્વમાં મંડળી 90 કરોડના દેવાનાં ડુંગરમાં ખૂંપી ગઈ હોવા છતાં લાજવાને બદલે ગાજવાનું કામ કરવા માંગતા હોય એમ ઓલપાડની અસનાડ કોટન સહકારી મંડળીના 100 વર્ષ પૂર્ણ થતાં 18 ફેબ્રુઆરીએ શતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણી કરવાની જાહેરાત કરતા ખેડૂતો નારાજ થયા છે.

કાંઠા સુગરના સભાસદ સુરેશભાઈ સુહાગિયાએ જણાવ્યું હતું કે, અસનાડ કોટન મંડળીના પણ પ્રમુખ એવા કિરીટ ગંગારામ પટેલે રાજીનામું આપી દેવું જોઈએ. અસનાડ કોટનની શતાબ્દી વર્ષની ઉજવણી પાછળ મોટો ખર્ચ કરવાનું આયોજન જોતા કોટનના ડિરેક્ટરો અને સભાસદોમાં છુપી નારાજગી જોવા મળી રહી છે. જો અસનાડ કોટનની શતાબ્દીની ઉજવણી કરવી હોય તો કાંઠા સુગરના પ્રમુખ કિરીટ પટેલે ખેડૂતોના લોહી પરસેવાની શેરડીની બાકીની કરોડોની રકમ પરત અપાવવી જોઈએ. નહીંતર ખેડૂતો અને બિન ઉત્પાદન સભાસદો આ કાર્યક્રમનો લોક તાંત્રિક પદ્ધતિથી વિરોધ નોંધાવશે. કાર્યક્રમ પાછળનો ખોટો ખર્ચ બંધ નહીં થાય તો ખેડૂતો વિરોધ નોંધાવશે.

શનિવારે ઓલપાડ સુગરના બેન્ક એકાઉન્ટમાં વધેલી મૂડી ફ્રીઝ કરવા ઓલપાડની કાંઠા સુગરને 40,88,99,358 (40.80 કરોડ)ની લોન આપનાર નેશનલ કો.ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)નાં રિજનલ ડાયરેક્ટરે સુરત ડિસ્ટ્રીક બેંકને NCDCનાં લોન એકાઉન્ટનું ખાતું અને રકમ ફ્રીઝ કરવા આદેશ આપતા સહકારી ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે.

# મથુરા જંક્શન પર ટેક્નિકલ ખામી સર્જાતાં 42 ટ્રેન 5 ફેબ્રુઆરી સુધી રદ

**આગ્રા** ડિવિઝનમાં નોન-ઇન્ટરલોકિંગ કાર્યને કારણે મુસાફરોને ભારે હાલાકી થશે

**વલસાડ**-હરિદ્વાર, સંપર્ક ક્રાંતિ, સહિતની મોટાભાગની ટ્રેનો 20 દિવસ કે તેથી વધુ સમય માટે રદ

સુરતઃ મથુરા જંકશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે પશ્ચિમ રેલવેની 42 ટ્રેનોને અસર થશે. ફેબ્રુઆરી મહિનાના પહેલાં અઠવાડિયા સુધી 42 ટ્રેનો રદ કરવામાં આવી છે. વલસાડ-હરિદ્વાર ટ્રેન રદ થતાં મોટી સંખ્યામાં લોકોને હાલાકી પડી છે.

ટ્રેન નંબર 12247 બાંદ્રા ટર્મિનસ-નિઝામુદ્દીન યુવા એક્સપ્રેસ 12 જાન્યુઆરીથી 02 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 12248 હઝરત નિઝામુદ્દીન-બાંદ્રા ટર્મિનસ યુવા એક્સપ્રેસ 13 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 12911 વલસાડ-હરિદ્વાર એક્સપ્રેસ 09 જાન્યુઆરીથી 30 જાન્યુઆરી સુધી, ટ્રેન નંબર 12912 હરિદ્વાર-વલસાડ એક્સપ્રેસ 10 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધી, ટ્રેન નંબર 12917 અમદાવાદ-હઝરત નિઝામુદ્દીન ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ 8 જાન્યુઆરીથી 29 જાન્યુઆરી સુધી, ટ્રેન નંબર 12918 હઝરત નિઝામુદ્દીન-અમદાવાદ ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ 13 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 20945 એકતા નગર-હઝરત નિઝામુદ્દીન એક્સપ્રેસ 10 જાન્યુઆરીથી 02 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 20946 હઝરત નિઝામુદ્દીન-એકતા નગર એક્સપ્રેસ 9 જાન્યુઆરીથી 01 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 14309 લક્ષ્મીબાઈ નગર-દહેરાદૂન એક્સપ્રેસ 24 જાન્યુઆરીથી 01 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 14310 દેહરાદૂન-લક્ષ્મીબાઈ નગર એક્સપ્રેસ 23 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધી, ટ્રેન નંબર 14317 ઈન્દોર-દહેરાદૂન એક્સપ્રેસ 21 જાન્યુઆરીથી 4 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 14318 દેહરાદૂન-ઈન્દોર એક્સપ્રેસ 20 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 19307 ઈન્દોર-ચંદીગઢ એક્સપ્રેસ 25 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 19308 ચંદીગઢ-ઈન્દોર એક્સપ્રેસ 26 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 19325 ઈન્દોર-અમૃતસર એક્સપ્રેસ 26 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 19326 અમૃતસર-ઈન્દોર એક્સપ્રેસ 28 જાન્યુઆરીથી 4 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 20957 ઈન્દોર-નવી દિલ્હી સુપરફાસ્ટ એક્સપ્રેસ 10 જાન્યુઆરીથી 4 ફેબ્રુઆરી સુધી, ટ્રેન નંબર 20958 નવી દિલ્હી-ઈન્દોર સુપરફાસ્ટ એક્સપ્રેસ 11 જાન્યુઆરીથી 5 ફેબ્રુઆરી સુધી રદ રહેશે. આ ઉપરાંત બીજી અનેક ટ્રેનો પણ રદ કરવામાં આવી છે.

# ઉધનામાં રેલેવે કોચમાં સફાઈ કરતી મહિલાને હીરા મળતાં પુત્ર વેચવા નીકળતાં ઝડપાયો

**ઉધના** પોલીસે યુવકને 4.62 લાખના હીરા અને દાગીના સાથે પકડી પાડતા યુવાને કહ્યું કે આ હીરા તેની માતાને સફાઈ કરતી વખતે મળ્યાં હતા

**સમગ્ર** ઘટનાની તપાસ કરતા વરાછાનો કુરિયર બોય નંદુરબારથી આવતા ટ્રેનમાં તેની બેગ ગુમ થઈ હતી

### બારમાં દારૂ પીવાના ચક્કરમાં નશાની હાલતમાં હીરાની બેગ ગુમાવી

વરાછાનો કુરીયર બોય ગત 27 તારીખે હીરાના આ મુદ્દામાલને લઈને સુરતથી મુંબઈ જતો હતો. ત્યારે ભુલમાં અજમેર પુરી ટ્રેનમાં બેસી ગયો હતો. પછી તેને ધ્યાન આવતા નંદુરબાર ઉતરી ગયો હતો. ત્યાં ટ્રેન આવવામાં એક કલાકનો સમય હોવાથી બારમાં દારૂ પીવા પહોંચી ગયો હતો. દારૂ પીવાના ચક્કરમાં ટ્રેન ચુકી ગયો અને પછી બીજી ટ્રેનમાં સુરત આવવા નીકળ્યો હતો. પરંતુ દારૂનો નશો વધારે થતા ટ્રેનમાં સુઇ ગયો હતો. નવાપુર પાસે તેની આંખ ખુલી ત્યારે તેની બેગ ગાયબ હતી. તેણે સુરત રેલ્વે પોલીસને જાણ કરતા તેમને નંદુરબાર પોલીસને ઝીરો નંબરથી ફરિયાદ નોંધાવી હતી.

સુરત : ઉધના પોલીસે બાતમીના આધારે એક યુવકને હીરા જડીત સોનાની બુટ્ટીની બે જોડ તથા પ્રેસિયસ સ્ટોન વાળી સિલ્વર કલરની રીંગ તથા રીયલ ડાયમંડ તથા સી.વી.ડી. ડાયમંડ સાથે રૂપિયા 4.62 લાખની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. આ હીરા તેની માતાને સફાઈ કરતી વખતે રેલવેના કોચમાં મળ્યા હોવાનું તેણે જણાવ્યું હતું. જોકે આ હીરા વરાછાના યુવકના ચોરી થયાની તેણે નંદુરબાર રેલ્વે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ઉધના પોલીસના જણાવ્યા મુજબ ઉધના પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એક વ્યક્તિ હીરાજડીત સોનાના દાગીના અને અસલી ડાયમંડ વેચવા ફરતો હોવાની બાતમી મળી હતી. અને તે હાલ ઉધના નવા ત્રણ રસ્તાથી ડિંડોલી બ્રિજ તરફ જતા રોડ પર ચાલતો જાતો હોવાની બાતમી મળતા આ વ્યક્તિ રમેશ ઉર્ફે અન્ના ગોવિંદ આડેપુ (ઉ.વ.૩૭, ધંધો-વાયરમેન રહે. મફતનગર ઝુપડપટ્ટી રોડ નં.૧૨ ઉધના) ને પકડી પાડ્યો હતો. તેની પાસેથી હીરા જડીત સોનાની કાનમાં પહેરવાની એક જોડી બુટ્ટી, હીરા જડીત સોનાની કાનમાં પહેરવાની એક જોડી બુટ્ટી, એક પ્રેસિયસ સ્ટોન વાળી સિલ્વર કલરની રીંગ, રીયલ ડાયમંડ, સી.વી.ડી ડાયમંડ મળીને કુલ ૪,૬૨,૮૦૦ ની મત્તાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ હીરા તેની માતા ઉધના રેલ્વે સ્ટેશન ઉપર સફાઈ કામદાર હોવાથી તેને રેલ્વેના કોચમાં મળ્યા હોવાનું તેણે કહ્યું હતું. ઉધના પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતુ કે વરાછાના કુરીયર બોયના ચોરી થયેલા હીરા છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### આજથી બે...

આણંદ, ગાંધીનગર, વલસાડ, નવસારી, સુરત, દમણ, ભાવનગર, અમરેલી, બોટાદ, ગીર સોમનાથ અને રાજકોટમાં માવઠુ થવાની સંભાવના રહેલી છે.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસમાં આવેલા હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કહયું હતું કે રાજયના અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 14 ડિ.સે., ડીસામાં 11 ડિ.સે., ગાંધીનગરમાં 12 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 14 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે., સુરતમાં 18 ડિ.સે., વલસાડ 15 ડિ.સે., ભૂજમાં 13 ડિ.સે., નલિયામાં 11 ડિ.સે., કંડલા પોર્ટ 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 11 ડિ.સે., અમરેલીમાં 14 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે. ,રાજકોટમાં 12 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે., કેશોદમાં 12 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યુ હતું.

### ડાંગ જિલ્લામાં...

પૂર્વપટ્ટી અને સરહદીય ગામડાઓમાં દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ છવાઈ રહ્યુ હતુ. ડાંગ જિલ્લામાં સતત બે દિવસથી વાતાવરણમાં પલટો આવી જતા ઠંડીનું પ્રમાણ વધ્યુ હતુ. સાથે ડાંગી ખેડૂતોનાં શિયાળુ પાકોને જંગી નુકસાન થવા પામ્યુ છે. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ખેડૂતોનાં આંબાનાં વૃક્ષ પર મોર બંધાયો હતો. જે કમોસમી વરસાદ અને વાદળછાયા વાતાવરણનાં પગલે ખરી પડતા ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ગિરિમથક સાપુતારા ખાતે દિવસ દરમ્યાન વાદળછાયું વાતાવરણ છવાઈ રહેતા જોવાલાયક સ્થળોમાં ટેબલ પોઈંટ, વન કવચ, રોઝ ગાર્ડન, સ્ટેપ ગાર્ડન, બોટીંગ, રોપવે, પેરાગ્લાયડીંગ સહિત વિવિધ એડવેન્ચર એક્ટિવિટીનાં સ્થળો નિખરી ઉઠ્યા હતા. સાથે સતત બીજા દિવસે પણ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં વરસાદનાં અમીછાટણા પડતા સમગ્ર પંથકમાં શીત લહેર વ્યાપી જવા પામી હતી. ગિરિમથક સાપુતારા ખાતે ફરવા આવેલા પ્રવાસીઓએ દ્વિ ચક્રીય ઋતુનો અહેસાસ માણી મઝા માણી ધન્યતા અનુભવી હતી.

### ચૈતર વસાવા...

ગુજરાતની બે દિવસની મુલાકાતે પહોંચેલા અરવિંદ કેજરીવાલે તીખા તેવરમાં ભાજપને આદિવાસી વિરોધી તરીકે વર્ણવતા કહ્યું હતું કે, ષડયંત્ર રચી જો ચૈતર વસાવાને જેલની બહાર નહીં આવવા દીધા તો તેઓ જેલમાંથી પણ ચૂંટણી લડશે. કેજરીવાલે કહ્યું કે ભાજપે ગુજરાતમાં આદિજાતિ સમાજ માટે કંઇ કર્યું નહીં.

પંજાબના સીએમ ભગવંત માને જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, ચૈતર વસાવા આદિવાસી સમાજનો સિંહ છે. ભાજપ ક્યારેય તેને ડરાવી, ધમકાવી નહીં શકે. ચૈતર વસાવાને પિંજરામાં પુરીને ભાજપ ઘાસ નાંખશે તો નહીં ખાય. ચૈતર વસાવા પોતાનો શિકાર જાતે કરશે.

આપ પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી તેમજ મનોજ સોરઠીયાએ કહ્યું કે ચૈતર વસાવાએ ભાજપના કૌભાંડી ચિઠ્ઠાઓનો ભાંડાફોડ કર્યો એટલે આજે તેઓ જેલમાં છે. ભાજપે ચૈતર વસાવાના પરિવારને પણ બિનજરૂરી હેરાનગતિ આપી છે જે આદિવાસી સમાજ ક્યારેય ભૂલી નહિ શકે.

ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય ચૈતર વસાવાને બદલાની ભાવનાથી જેમમાં પૂર્યા છે, એના વિરોધમાં અને ચૈતરભાઈના સમર્થનમાં એક નહીં પણ બે મુખ્યમંત્રીઓ નેત્રંગમાં આવ્યા છે. વધુમાં તેમણે મનસુખ વસાવા માટે જણાવ્યું કે, મનસુખભાઈને એમની પાર્ટી પણ સિરિયસ લેતી નથી તો આપણે એને સિરિયસ લેવા જોઈએ નહીં.

### સુરત રેલવે...

મંજૂરીઓ અને અનેક કામો એક સાથે હાથ ધરવામાં આવી રહ્યા છે. સુરતના સાંસદ અને રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ આ પ્રોજેક્ટને ઝડપથી પૂરો કરવા માટે સતત પ્રત્યનશીલ છે, ત્યારે રેલવે મંત્રાલય દ્વારા મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ ખાતે રૂપિયા 496.98 કરોડના ખર્ચે રેલવે મંત્રાલયના 63 ટકા ફંડિંગ સાથે એલિવેટેડ બ્રિજને મંજૂરી આપવામાં આવી છે.

એલિવેટેડ રોડની વિશેષતા એ છે કે તેની કુલ લંબાઈ 5479 મીટરની રહેશે. આ રોડ બનવાથી પ્રવાસીઓનો સમય બચવા સાથે ઈંધણની પણ બચત થશે. તેમજ વરાછા રોડ, લંબે હનુમાન રોડ અને રિંગરોડ સીધા રેલવે સ્ટેશન સાથે જોડાશે. નવનિર્મિત કોમર્શિયલ હબ સુધી લોકો સીધા પહોંચી શકશે. યાત્રીઓ માટે પ્લેટફોર્મ સુધી જવું સુવિધાજનક થઈ જશે. આ કોરિડોર બનવાને કારણે સુરત શહેરના પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં આવાગમન ખુબ સરળ બનશે.

ઉલ્લેખનીય છે કે આ એલિવિટેડ બ્રિજનો ઉપયોગ કરીને પ્રવાસી ટ્રાન્સપોર્ટના તમામ મોડનો ઉપયોગ એક જ છત્રની નીચે કરી શકશે. એટલે એલિવેટેડ બ્રિજથી સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ્યા બાદ પ્રવાસી લાંબા અંતરની ટ્રેન, મેટ્રો ટ્રેન, બીઆરટીએસ, સિટી બસ અને જીઆરટીએસની બસમાં બેસી શકશે અને આ તમામ વાહનોમાંથી ઉતરીને એલિવેટેડ બ્રિજનો ઉપયોગ કરીને ગંતવ્ય સ્થાન પર જઈ શકશે.

### 5મીએ એલિવેટેડ...

એલિવેટેડ બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે, આણ રેલવે મંત્રાલય મંજૂરી આપે તે પહેલા જ જાહેરાત કરી દેવાઈ હતી. એમએમટીએચનું કામ કરનાર સિટકોના સીઇઓ તુષાર મિશ્રાએ જણાવ્યું હતું કે કામ કરવાનું નક્કી જ હતું. એટલે જાહેરાત કરી દીધી હતી, બીજી વખત ધ્યાન રાખીશું. જયારે રેલવે રાજ્ય મંત્રી દર્શના જરદોષે જણાવ્યું હતું કે મંજૂરી મળી જ જવાની હતી એટલે અધિકારીઓએ કદાચ જાહેરાત કરી દીધી હશે.

### નવસારી જિલ્લામાં...

ભરોડીયા, હાલમાં બીલીમોરા ખાતે જાહેર આરોગ્ય સુ.પેટા વિભાગની કચેરીમાં નાયબ કાર્યપાલક ઇજનેર શ્રીમતી પી.એન. બંસલ અને હાલ વ્યારાની જા.આ.સુ. પે. વિભાગની કચેરીમાં નાયબ કાર્યપાલક ઇજનેર સિવિલ તરીકે ફરજ બજાવતા શ્રીમતી એસ.કે. રાજને તત્કાળ સસ્પેન્ડ કરી દેવાયા બાદ વધુ ત્રણ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ બીલીમોરા કચેરીના ક્લાર્ક પરમારને રેકોર્ડમાં ચેડાં કરવા અને ઉચાપતમાં સહયોગ આપવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે રેકોર્ડ કબાટમાં મુકી દઇને રેકોર્ડ ગુમ થયાની અફવા ફેલાવનારા નવસારી કચેરીના સિનિયર ક્લાર્ક રાકેશ પટેલને રેકોર્ડ સાથે ચેડાં કરવા બદલ સસ્પેન્ડ કરાયા છે. ઉપરાંત કોન્ટ્રાક્ટરોએ તેમના ટેન્ડર પાસ થાય એ સાથે કુલ ખર્ચના 5થી 10 ટકાની એફડી જમા કરાવવાની હોય છે. પરંતુ અહીં જુના કોન્ટ્રાક્ટરોએ મુકેલી એફડીની ઝેરોક્ષનો ઉપયોગ કરી એફડી પણ લીધી ન હતી. એ મુદ્દો પણ રાકેશ પટેલની વિરૂદ્ધ ગયો છે. એફડી જમા કરવાની હોય છે, તેને બદલે ખોટી ઝેરોક્ષ મુકીને કામ અપાતા ગયાનું કૌભાંડ પણ બહાર આવ્યું છે, ત્યારે એ નવા કૌભાંડની પણ તલસ્પર્શી તપાસ થવી જરૂરી છે.

### રખડતાં કૂતરાંએ...

હતા. જેથી અજયને સારવાર માટે શનિવારે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન રવિવારે બપોરે 12:30 વાગ્યાના સુમારે તેનું મોત નિપજ્યું હતુ.

### સ્ટાર એર પણ...

પછી દિવસો વધારવામાં આવશે. 23 જાન્યુઆરીએ સ્ટાર એરની ફ્લાઈટ હૈદરાબાદથી સાંજે 7 વાગે ટેકઓફ કરશે અને રાત્રે 8:30 કલાકે સુરત એરપોર્ટ લેન્ડ થશે. આ જ ફ્લાઈટ રાત્રે 9 વાગે સુરત એરપોર્ટથી ટેકઓફ થશે અને રાત્રે 10:30 કલાકે હૈદરાબાદ એરપોર્ટ ઉતરશે.

# 9મીએ પીએમ મોદી 2 લાખ ચો.મી.માં ફેલાયેલા ગ્લોબલ ટ્રેડનું ઉદ્ઘાટન કરશે

**ગાંધીનગરના** હેલિપેડ ગ્રાઉન્ડમાં અત્યાર સુધીનો સૌથી મોટો વાઈબ્રન્ટ ગુજરાત 'ગ્લોબલ ટ્રેડ શો' યોજાશે

ગાંધીનગરઃ રાજ્યમાં દર બે વર્ષે યોજાતા ૧૦માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આગામી તા. ૦૯ થી ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો'- ૨૦૨૪ યોજાશે. બે લાખ ચોરસ મીટર વિસ્તારમાં પ્રદર્શન અને સ્ટોલ ધરાવતા ભારતના આ સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ-શોનું તા.૦૯ જાન્યુઆરીના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે પીએમ નરેન્દ્ર મોદી દ્વારા ઉદઘાટન કરવામાં આવશે. આ ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત દેશ- વિદેશના મહાનુભાવો, ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. આ ગ્લોબલ ટ્રેડ શો તા.૧૦-૧૧ જાન્યુઆરીએ બિઝનેસ વિઝિટર્સ માટે જ્યારે તા. ૧૨-૧૩ જાન્યુઆરીએ જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

૧૦માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત યોજાતા આ ગ્લોબલ ટ્રેડ -શોમાં ઓસ્ટ્રેલિયા, તાંઝાનિયા, મોરોક્કો, મોઝામ્બિક, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, એસ્ટોનિયા, બાંગ્લાદેશ, સિંગાપોર, UAE -સંયુક્ત આરબ અમીરાત, યુકે, જર્મની, નોર્વે, ફિનલેન્ડ, નેધરલેન્ડ, રશિયા, રવાન્ડા, જાપાન, ઇન્ડોનેશિયા અને વિયેતનામ એમ કુલ ૨૦ દેશો આ પ્રદર્શનમાં પોતાના દેશોના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરશે. જેમાં સંશોધન ક્ષેત્રના અંદાજે ૧,૦૦૦થી વધુ પ્રદર્શકો સહભાગી થશે જે વિવિધ ક્ષેત્રોમાં થઇ રહેલા સંશોધનો અને નવીનતાઓને રજૂ કરશે. ટ્રેડ શોમાં વિઝિટીંગ તરીકે ૧૦૦ દેશો જ્યારે પાર્ટનર તરીકે 33 દેશો ભાગ લઈ રહ્યા છે. શોમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ, સિરામિક્સ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ,પોર્ટ્સ અને મરીન જેવા ક્ષેત્રોમાં અત્યાધુનિક ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

# પલસાણાની મિલમાં રોટરી મશીનમાં આવી જતાં ફિટરનું મોત

પલસાણા : પલસાણાના કાલાઘોડા ઈકો ટેક્સટાઈલ પાર્કમાં આવેલ શિવાંજલી ફેશન મિલના મેન્ટેનન્સ વિભાગમાં ફિટરનું કામ કરતા કામદારનું આખું શરીર રોટરી મશીનના રોલરમાં આવી જતા કમકમાટીભર્યું મોત થયું હતું. ઘટનાને લઈ મિલમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. મૂળ ઉત્તર પ્રદેશના આંબેડકરનગર જિલ્લાના બૈરાંવ ગામનો અને હાલ પલસાણા ચાર રસ્તાના પટેલ પાર્ક ખાતે મિશ્રા બિલ્ડીંગમાં રહેતા દિપક ક્રિષ્નમોહન ઉપાધ્યાય (ઉ.વર્ષ 20), કાલાઘોડા ખાતે ઈકો ટેક્સટાઈલ પાર્કની શિવાંજલી ફેશન મિલના મેન્ટેનન્સ વિભાગમાં ફિટર તરીકે કામ કરતો હતો. શનિવારે બપોરે 3 વાગ્યાની આસપાસ તે ફિટરનું કામ કરી રહ્યો હતો તે સમયે તેના શરીરનો ગળાથી નીચેનો ભાગ રોટરી મશીનના રોલમાં આવી જતા તેને ગંભીર ઈજા થઈ હતી. તેને તાત્કાલિક સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.